# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થારા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
2) કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે, લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ મેરીટાઇમ હેરિટેજ માટેનું વૈશ્વિક હબ બનશે.
3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલે દર્દીઓને મહત્તમ દવા હોસ્પિટલમાંથી જ મળી રહે તેવી તાકીદ કરી.
4) નાતાલની રજાઓમાં એક સપ્તાહમાં છ લાખ શ્રદ્ધાળુઓએ દ્વારકા જગતમંદિરનાં દર્શન કર્યા.
5) નલિયામાં મોસમનું સૌથી નીચું 4.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન. - આજે કેટલાંક જિલ્લામાં હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી.

---

## PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.

મન કી બાતની આ 117મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

-----------------------------------------------------------------

# LOTHAL MUSEUM

લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ મેરીટાઇમ હેરિટેજ માટેનું વૈશ્વિક હબ બનશે એમ કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે.

શ્રી સોનોવાલ, શ્રમ અને રોજગાર અને યુવા બાબતોના મંત્રી ડૉ.મનસુખ માંડવિયા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈ કાલે લોથલ ખાતે નિર્માણાધીન લોથલ નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની મુલાકાત લઈને રાષ્ટ્રીય દરિયાઈ માર્ગની પ્રગતિનું મૂલ્યાંકન કરવા સંયુક્ત સમીક્ષા કરી હતી.

તેમણે INS નિશંક, લોથલ જેટી વોકવે અને મ્યુઝિયમ બ્લોકની મુલાકાત લીધી. શ્રી સોનોવાલે કહ્યું, “આ પ્રોજેક્ટ પ્રવાસનને વેગ આપશે, દરિયાઈ શિક્ષણ માટે પ્લેટફોર્મ પૂરું પાડશે અને ભારતના દરિયાઈ સમુદાય અને વૈશ્વિક ઉદ્યોગ વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપશે. ભારતને એક અગ્રણી દરિયાઈ રાષ્ટ્ર બનાવવાની દિશામાં તે એક નિર્ણાયક પગલું છે.”

-----------------------------------------------------------------

## ST Conductor exam

આજે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા બસ કંડકટરની ભરતી પરીક્ષા યોજાશે. ઉમેદવારો કોલ લેટર બતાવી વિનામૂલ્યે પરીક્ષા કેન્દ્ર અને કેન્દ્રથી ઘર સુધી એસ. ટી. બસમાં મુસાફરી કરી શકશે.

રાજ્યનાં ત્રણ શહેરોમાં પરિક્ષા કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે, જેમાં અમદાવાદમાં 23 હજાર 371, રાજકોટમાં 7 હજાર 452 અને મહેસાણામાં 4 હજાર 398 ઉમેદવારોનો સમાવેશ થાય છે.

---

## Rishikesh Patel Rajkot

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઋષિકેશ પટેલે દર્દીઓને મહત્તમ દવા હોસ્પિટલમાંથી જ મળી રહે અને બહારની દવા માટે કોઈ પ્રિસ્ક્રિપ્શાન ન લખાય તે માટે તાકીદ કરી છે.

શ્રી પટેલે ગઈ કાલે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી આ દરમિયાન તેમણે હોસ્પિટલની વિવિધ બિલ્ડિંગમાં આરોગ્યલક્ષી સારવાર તેમજ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને બાદમાં અધિકારીઓ સાથે બેઠક યોજીને જિલ્લામાં આરોગ્યની સ્થિતિની સમીક્ષા કરી હતી.

શ્રી પટેલ સિવિલ પરિસરમાં દર્દીઓના સગાઓને પણ મળ્યા હતા અને તેઓની રજૂઆતો સાંભળી હતી.

મંત્રીશ્રીએ જિલ્લાના આરોગ્ય શાખાના અધિકારીઓ પાસેથી જિલ્લાના 11 તાલુકાઓ તેમજ ગામડાઓમાં આરોગ્ય સેવાઓની સ્થિતિ તેમજ આરોગ્યલક્ષી યોજનાના અમલની સ્થિતિ જાણી હતી. તેમણે રાજકોટ મહાનગર તેમજ જિલ્લામાં ટીબી નાબૂદી માટે સઘન કામગીરી કરવા સૂચના આપી હતી.

---

## Dwarka Tourist

નાતાલનાં વેકેશનમાં હાલ ગુજરાત અને સમગ્ર દેશમાંથી ભાવિકો દ્વારકા આવી રહ્યા છે. છેલ્લા 8 દિવસથી દ્વારકા અને આસપાસનાં અનેક પર્યટક સ્થળો હાઉસ ફૂલ જોવા મળી રહ્યા છે. 21 થી 28 ડિસેમ્બર સુધીમાં 6 લાખથી વધારે શ્રદ્ધાળુઓએ જગત મંદિરમાં દર્શન કર્યા છે. આગામી પાંચ જાન્યુઆરી સુધી ભક્તોનો આવો જ ધસારો રહે તેવી સંભાવના છે. આ અંગે ડીવાયએસપી સાગર રાઠોડે વધુ માહિતી આપી હતી.

(ઓડિયો – સાગર રાઠોડ, વરિષ્ઠ અધિકારી)

---

## Statue of Unity

નવા વર્ષની ઉજવણી માટે નર્મદા જિલ્લામાં એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા મોટીસંખ્યામાં દેશભરમાં પર્યટકો આવી રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી દરરોજ અંદાજે 35 હજાર પ્રવાસીઓ એક્તાનગર આવી રહ્યા છે.

એક અહેવાલ પ્રમાણે શનિવારે 70 હજારથી વધુ પ્રવાસીઓએ સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળ્યું હતું. આ ઉપરાંત અહીં જંગલ સફારી પાર્ક, આરોગ્ય વન, એકતા નર્સરી, ચિલ્ડ્રન ન્યૂટ્રિશન પાર્ક જેવા સ્થળોએ પણ આકર્ષણ જમાવ્યું છે.

---

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

## 31 Dec. – police alert

વર્ષના અંતિમ દિવસ 31 ડિસેમ્બરની ઉજવણી દરમિયાન ગુજરાતમાં દારૂની હેરફેર રોકવા રાજ્યની પોલિસ સજ્જ થઈ છે. જામનગર જિલ્લામાં દારૂની હેરફેર રોકવા ઉપરાંત, ડ્રિન્ક એન્ડ ડ્રાઇવના કેસોને અટકાવવા તેમજ ટ્રાફિક નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા ચેકિંગ હાથ ધરાયું હતું. જામનગર જિલ્લા પોલીસ દ્વારા અલગ અલગ સ્થળોએ ચેકિંગ પોઇન્ટ ઊભા કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં દારૂબંધી હોવાના કારણે તહેવારની ઉજવણી દરમિયાન પડોશી રાજ્યોથી દારૂની હેરફેરની શક્યતાઓ વધે છે. મહારાષ્ટ્રની સરહદ પરનાં તાપી જિલ્લાની પોલીસે અલગ અલગ ચેકપોસ્ટ સ્થાપિત કરીને ચકાસણી હાથ ધરી છે.

અમારા કચ્છના પ્રતિનિધી હેમાંગ પટણી જણાવે છે કે, 31 ડિસેમ્બરની ઉજવણીને પૂર્વે કચ્છ પોલીસ એલર્ટ છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા રીંગ રોડ અને જાહેર રસ્તાઓ પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા DySP, પીઆઇ સહિતના અધિકારીઓએ જાહેર માર્ગો પર ચેકિંગ હાથ ધર્યું હતું.

---

## C.R.Patil

ભાજપ સંગઠન પર્વને લઇને ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષાતામા એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સંગઠનના કાર્યકરોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજે દિલ્હી ખાતે એક બેઠક મળશે જેમાં માર્ગદર્શન અનુસાર આગળની પ્રકિયા પણ હાથ ધરાશે. જેમાં જિલ્લા પ્રમુખો 60 વર્ષથી વધુની ઉંમરના ન હોઈ તે માટે ધારા ધોરણો નક્કી થશે. અને જિલ્લા પ્રમુખોની ચુંટણી પ્રકિયા ટૂંકસમયમાં શરૂ થશે તેવી પણ આ બેઠકમાં ચર્ચા થઈ છે.

---

## Weather

સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે રાજ્યનાં હવામાનમાં પલ્ટો આવ્યો છે. વાદળછાયા અને ધુમ્મસભર્યા હવામાન વચ્ચે ઠંડીમાં વધારો થયો છે.

ગઈ કાલે નલિયામાં સૌથી ઓછું 4.2 ડિગ્રી, ભુજમાં 9.8 અને રાજકોટમાં 9.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે ડીસામાં 13.8, અમદાવાદમાં 16.5, ગાંધીનગરમાં 16 અને વડોદરામાં 17.6 ડિગ્રી સેલ્યિસય તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આજે છોટા ઉદેપુર, ડાંગ, તાપી જિલ્લામાં હળવા વરસાદની અને લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી ઘટાડો થવાની આગાહી કરી છે.

--------------------------------------------------------------------

## Special train Western Railway

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને તિરુચિરાપલ્લી વચ્ચે શિયાળુ સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેન બીજી જાન્યુઆરીથી વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે.

બીજી જાન્યુઆરીથી દર ગુરુવારે અમદાવાદથી સાડા નવ વાગ્યે આ ટ્રેન ઉપડશે જે શનિવારે સવારે પોણા ચાર વાગ્યે તિરુચિરાપલ્લી પહોંચશે. તેવી જ રીતે તિરુચિરાપલ્લીથી પાંચ જાન્યુઆરીએ પાંચ અને ચાલીસ મિનિટે ઉપડશે, જે બીજા દિવસે સોમવારે સવા નવ વાગ્યે અમદાવાદ પહોંચશે. ટ્રેનનું બુકિંગ મુસાફરો આજથી IRCTCની વેબસાઇટ પરથી કરી શકશે.

--------------------------------------------------------------------

## PATAN SCIANCE DAY CELEBRATION

પાટણના સાયન્સ સેન્ટર ખાતે એક સપ્તાહ ચાલેલા રાષ્ટ્રીય ગણિત દિવસના કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

આ કાર્યક્રમમાં બાળકો અને શિક્ષકો તેમજ જાહેર જનતાને ગણિતથી વાકેફ કરવામાં આવ્યા હતા. રોજિંદા જીવનમાં તથા કલા, સંગીતમાં ગણિતનો ઉપયોગ, ગણિતના ક્ષેત્રમાં વિવિધ કારકિર્દીની તકો સહિત અનેક વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાયન્સ સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. સુમિત શાસ્ત્રીએ જણાવ્યું કે, ગણિત માત્ર એક વિષય જ નથી પરંતુ રોજિંદા જીવનનો અનિવાર્ય હિસ્સો છે.

-----------------------------------------------------------------